
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# એનાલોગ પર પ્રતિબંધ બાદ સુરતમાં બટરનો સ્ટોક ખલાસ

**કેટલીક** ડેરીઓમાં 15 દિવસથી માલ જ નથી આવતો

### બટરની અછત ઊભી થવાનાં કારણો

- » એનાલોગના ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, વિતરણ અને વેચાણ સુધી પ્રતિબંધ
- » સપ્લાયરોને નવા નિયમો અનુસાર માલની ખરીદી અને સપ્લાય વ્યવસ્થા ગોઠવવી પડી રહી છે.
- » સમગ્ર દેશમાં પણ બટરની બજાર માગ સામે અને પુરવઠા પૂર્ણ થઇ શકતો નથી



સુરતઃ ગુજરાત સરકારે “એનાલોગ/નોન-સ્ટાન્ડર્ડ” ડેરી પ્રોડક્ટ્સ પર મુકેલા પ્રતિબંધને લીધે સુરતની ડેરીમાં બટરનો સ્ટોક ખલાસ થઇ ગયો છે. આ ઉપરાંત કેટલીક ડેરીઓમાં પનીર અને ચીઝની પણ શોર્ટેજ જોવા મળી રહી છે.

ગુજરાત સરકારે “એનાલોગ/નોન-સ્ટાન્ડર્ડ” ડેરી પ્રોડક્ટ્સના ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, વિતરણ અને વેચાણ સુધી પ્રતિબંધ મૂક્યો છે. એવા ઉત્પાદનો પર, જેમાં દૂધની જગ્યાએ વેજિટેબલ ઓઈલ, નોન-ડેરી ફેટ વગેરેનો ઉપયોગ કરીને અસલી ડેરી પ્રોડક્ટ જેવું ઉત્પાદન બનાવવામાં આવે છે. આ પ્રતિબંધ પછી સુરત મહાનગર પાલિકા અને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એનાલોગ/નોન-સ્ટાન્ડર્ડ ડેરી પ્રોડક્ટ્સ વિક્રેતાઓ સામે કાર્યવાહી શરૂ કરતાં પનીર, ચીઝ અને બટરની ડિમાન્ડ સામે સપ્લાય ખોરવાઈ છે. આ ઘટના દર્શાવે છે કે, સુરત મહાનગરમાં કેટલા મોટા પાયે એનાલોગ પનીર, બટર,અને ચીઝનું વેચાણ થતું હતું.

સુરતમાં કેટલીક દુકાનો અથવા ઓનલાઈન પ્લેટફોર્મ પર અમૂલ પનીરની અછત સ્ટોક-આઉટની ફરિયાદ મળી છે. પનીરની વાત કરીએ તો પનીરની સપ્લાય જળવાઇ રહી છે. પરંતુ કેટલીક ડેરીઓમાં ચીઝ

...અનુસંધાન પાના 9 પર

# યુરોપના વિઝાના નામે મહિલા ડિઝાઈનર સાથે ૫ લાખની ઠગાઈ

**વેસુની** ‘વસુધૈવ કુટુમ્બકમ ઓવરસીસ’ ના બે ડાયરેક્ટરોએ બોગસ જોબ લેટર આપ્યા

સુરતઃ યુરોપના દેશ લક્ઝેમબર્ગ ખાતે વર્ક પરમિટ અપાવવાના બહાને વેસુ વી.આઈ.પી. રોડ પર આવેલી વિઝા એજન્સીના બે સંચાલકોએ મહિલા ગ્રાફિક ડિઝાઈનર સાથે રૂ. ૫.૧૮ લાખની ઠગાઈ કરી છે.

વેસુ ખાતે સ્વપ્નશીલ પેલેસ પાછળ રહેતા અને વરાછાની હીવા બિલ્ડર્સ ઓફિસમાં ગ્રાફિક્સ ડીઝાઈનર તરીકે ફરજ બજાવતા ૪૦ વર્ષીય મનીષાબેન ભાવેશકુમાર બારોટને લક્ઝેમબર્ગ ખાતે કામ કરવા જવું હતું. આ માટે તેમણે વેસુ વી.આઈ.પી. રોડ સ્થિત એમ્બ્રોસીયા બિઝનેસ હબમાં આવેલી 'વસુધૈવ કુટુમ્બકમ ઓવરસીસ પ્રા.લી.' ઓફિસનો સંપર્ક કર્યો હતો. ઓફિસના ડાયરેક્ટર સચિન રમેશભાઈ પટેલ (રહે. લાલ દરવાજા, કતારગામ) અને રવિ પ્રવીણભાઈ કહાલાલ (રહે. પીપલોદ) એ મનીષાબેનને ૬ મહિનામાં વર્ક પરમિટ વિઝા અપાવવાની બાહેધરી આપી કુલ રૂ. ૫,૧૮,૦૦૦નો ચાર્જ નક્કી કર્યો હતો. જે ચૂકવી આપ્યા બદા આરોપીઓએ રૂ. ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર સર્વિસ એગ્રીમેન્ટ પણ કરી આપ્યું હતું. ડિસેમ્બર ૨૦૨૪ અને જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન આરોપીઓએ મનીષાબેનને ઓફિસે બોલાવી લેક્ઝમબર્ગની 'એલાસ બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન' કંપનીમાં ગ્રાફિક્સ ડિઝાઈનર તરીકે નોકરી નક્કી થઈ ગયાનું કહી એમ્પ્લોયમેન્ટ લેટર તથા કોન્ટ્રાક્ટ લેટર આપ્યા હતા. જોકે, એપ્રિલ ૨૦૨૫માં વિઝા અટકી ગયાનું બહાનું બતાવી પૈસા વાપરી નાખ્યા હોવાનું સ્વીકાર્યું હતું.

...અનુસંધાન પાના 9 પર

## જન્માષ્ટમીના પખવાડિયા પહેલા જ વાઘાનું માર્કેટ ધમધમી ઊઠ્યું



■ દરેક હિન્દુઓના ઘરમાં જન્માષ્ટમીને દિવસે પારણું ઝુલાવવાની પરંપરા છે. આ દિવસે કેશવના બાળ સ્વરૂપને જુદા જુદા વાઘા પહેરાવવામાં આવે છે. જેના માટે આ તહેવારનું માર્કેટ જુદા જુદા વાઘા અને શણગારથી ઉભરાઇ રહ્યાં છે. (તસવીર : હેમંત ડેરે)



# સૈયદપુરામાં કચરાના ઢગલા પર બેસી યુવકનો અનોખો વિરોધ

**પાલિકા** અને કોન્ટ્રાક્ટર વચ્ચે સાઠગાંઠના આક્ષેપ કર્યા, વિડીયો વાયરલ

સુરતઃ શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલી સૈયદપુરા પમ્પિંગ સ્ટેશન પાસે કચરાનો યોગ્ય નિકાલ ન થતાં એક સ્થાનિક યુવકે કચરાના ઢગલા પર પલાઠી વાળીને બેસી જઈ અનોખી રીતે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન ક્ષેત્રે ચાલી રહેલી ગંભીર લાપરવાહી અને દુર્ગંધથી ત્રસ્ત થઈને આ નાગરિકે સુરત મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ તેમજ સફાઈ કોન્ટ્રાક્ટર સામે ભારે આક્રોશ વ્યક્ત

...અનુસંધાન પાના 9 પર

# ઘરમાં ઘૂસી સૂતેલા બાળકને રખડતા કૂતરાએ બચકાં ભર્યાં



**ભટારમાં** ગણતરીના કલાકોમાં બે કૂતરાનો બાળકો પર હુમલો

સુરતઃ શહેરમાં રખડતા કૂતરાઓનો આતંક હવે રસ્તા પૂરતો સીમિત રહ્યો નથી, પરંતુ લોકોના ઘરના ઉંબરે અને ઘરની અંદર સુધી પહોંચી ગયો છે. ભટાર-તડકેશ્વર વિસ્તારમાં એક જ સાંજે બનેલી બે ઘટનાએ સુરત મહાનગર પાલિકાની રખડતાં કૂતરાઓ અંગેની વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. એક તરફ ત્રણ વર્ષના બાળકની આંખમાં કૂતરાના હુમલાથી ગંભીર ઈજા થઈ અને તેને તાત્કાલિક સર્જરી કરાવવી પડી, તો બીજી તરફ એક વર્ષનું માસૂમ બાળક ઘરમાં સૂતું હતું ત્યારે રખડતું કૂતરું ઘરમાં ઘૂસી ગયું અને તેના પર હુમલો કરી દીધો હતો. ભટારમાં એક જ

...અનુસંધાન પાના 9 પર



### માતાની પાછળ જતાં ત્રણ વર્ષના ક્રિષ્ના પર હુમલો, આંખમાં ગંભીર ઈજા

બીજી ઘટનામાં ભટાર-તડકેશ્વર પાસે શિવશક્તિ ગલી નંબર-2માં રહેતા રોહિત કુશવાહનો ત્રણ વર્ષનો પુત્ર ક્રિષ્ના રખડતાં કૂતરાંના હુમલાનો ભોગ બન્યો હતો. ક્રિષ્નાની માતા પિંકીબેન નજીકના ટેનામેન્ટ વિસ્તારમાં શાકભાજીની લારી લગાવવા જઈ રહ્યા હતા. ત્રણ વર્ષનો ક્રિષ્ના માતાની પાછળ જઈ રહ્યો હતો ત્યારે અચાનક રખડતા કૂતરાએ તેના પર હુમલો કરી દીધો હતો. હુમલામાં ક્રિષ્નાની જમણી આંખમાં ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત બાળકને 108 એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં આંખની ગંભીર ઈજાને પગલે તબીબોએ તાત્કાલિક સર્જરી કરવી પડી હતી.

### રસીકરણ-ખસીકરણના આંકડા નહીં, પરિણામ ક્યાં છે?

મનપા દ્વારા રખડતા કૂતરાઓને પકડીને રસીકરણ અને ખસીકરણની કામગીરી કરવામાં આવતી હોવાના દાવા કરવામાં આવે છે. પરંતુ શહેરમાં સતત સામે આવી રહેલા ડોગ બાઈટના બનાવો વચ્ચે હવે માત્ર કામગીરીના આંકડા જાહેર કરવાથી પ્રશ્નોનું સમાધાન થવાનું નથી. મનપાએ સ્પષ્ટ કરવું જોઈએ કે શહેરમાં રખડતાં કૂતરાઓની વાસ્તવિક સંખ્યા કેટલી છે, કેટલાનું રસીકરણ થયું, કેટલાનું ખસીકરણ થયું અને આ કામગીરી બાદ ડોગ બાઈટના બનાવોમાં ખરેખર કેટલો ઘટાડો થયો? કાર્યવાહી થઈ રહી છે કે માત્ર કાગળ પર કામગીરીના આંકડા વધી રહ્યા છે? ભટારની ઘટનાઓ બાદ આ સવાલનો જવાબ મનપાએ શહેરની જનતા સમક્ષ આપવો જરૂરી બની ગયો છે.

# બાળકીના મોત બાદ મનપાને ફૂડમાં ખામી દેખાઈ, વધુ 43 રેસ્ટોરા બંધ

**અત્યાર** સુધી મનપાનું તંત્ર શું તાલીઓ વગાડતું હતું? બે દિવસમાં 60થી વધુ હોટેલ બંધ કરાવી કામગીરી બતાવી

સુરતઃ વરાછા વિસ્તારમાં એક જ પરિવારના પાંચ સભ્યોને ફૂડ પોઈઝનિંગની અસર થયા બાદ પાંચ વર્ષીય માસૂમ બાળકીનું મોત નીપજતાં શહેરમાં ચકચાર મચી હતી. ગંભીર ઘટનાના પગલે સુરત મહાનગરપાલિકાનો આરોગ્ય વિભાગ સફાળો જાગ્યો છે. શહેરના તમામ ઝોનમાં હોટેલ-રેસ્ટોરન્ટ, ઢાબા સહિત ખાદ્યપદાર્થોનું વેચાણ કરતી હોટલ-રેસ્ટોરન્ટની સાથે સાથે ઢાબામાં પણ સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સતત બીજા દિવસે પણ નવ ટીમો દ્વારા બપોરથી તપાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જેમાં મનપા દ્વારા બીજા દિવસે વધુ 43 હોટલ અને રેસ્ટોરન્ટને સીલ કરી દેવામાં આવી છે.

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના તમામ ઝોનમાં

...અનુસંધાન પાના 9 પર

### કયા ઝોનમાં કઈ સંસ્થા બંધ કરાઈ?

**સેન્ટ્રલ ઝોન**

**બોમ્બે વડાપાંવ**

**વરાછા-એ**

1. ઘુઘરા હાઉસ અર્ચના ખાડી બ્રિજ પાસે 2. શ્રી બાપા સીતારામ રાજસ્થાની એન્ડ પંજાબી ધાબા 3. રીમઝીમ સોડા શોપ 4. કેકે ફાસ્ટ ફૂડ 5. ખાખી લીંબુ ગોટા સીતારામ, સીતાનગર રોડ 6. બાપા સીતારામ ગાંઠિયા 7. ભાસ્કર વડાપાવ 8. ચીઝ ઘુઘરા 9. બ્રેડ પકોડા એન્ડ દાબેલી 10. મલ્હાર ઢોસા સિલ્વર ચોક

**વરાછા-બી**

1. શ્યામ કાઠિયાવાડી, મોટા વરાછા 2. મોણપરા ફાસ્ટફૂડ અને ડ્રિંક્સ

**રાંદેર ઝોન**

1. મા માટેલ વાડી, સરોલી પુલ પાસે, જહાંગીરપુરા 2. મહેશ ઢોસા-સરોલી પુલ પાસે 3. ગ્લોરિયસ રેસ્ટોરન્ટ, પ્રાઈમ આર્કેડ 4. મહાવીર ક્લાઉડ કિચન, બાગબાન સર્કલ, પાલ

**કતારગામ ઝોન**

1. માહી ફાસ્ટ ફૂડ, સિંગણપોર વિજયરાજ સર્કલ 2. બાબા ચાઈનીઝ, કોઝ વે પાસે 3. સાઈમલ્હાર ઢોસા, પ્રિયા પાર્ક, ડભોલી 4. ચીઝ અંગુરી, રાજનંદ સર્કલ, ડભોલી 5. ચીઝ અંગુરી બ્લીઝ, રાજનંદ સર્કલ, ડભોલી 6. સૂર્યા રેસ્ટોરન્ટ, પ્રિયા પાર્ક રોડ, ડભોલી 7. જીયા રેસ્ટોરન્ટ, રિલાયન્સ મોલની સામે, વેડ રોડ 8. મા સંતોષી હોટલ, મીનાનગર રોડ 9. મા સીગાસન શુભ સેન્ટર, મીનાનગર રોડ 10. ક્રિષ્ણા ડાયનિંગ હોલ, મીનાનગર રોડ 11. શિવશક્તિ હોટલ, ચંદન ગ્રેસ પાસે 12. ડી.કે.ઢોસા હાઉસ પણી ગામ, વેડ

**ઉધના-એ**

1. રોહિત રેસ્ટોરન્ટ/ઉધના મેઈન રોડ, સિટી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ પાસે, સ્વામિનારાયણ મંદિર નજીક, ઉધના 2. સાઈ અમૃત ફાસ્ટફૂડ/પીયૂષ પોઈન્ટ, પાંડેસરા-હાઉસિંગ રોડ ઉધના 3. સિદ્ધિ વિનાયક રેસ્ટોરન્ટ/પીયૂષ પોઈન્ટ, પાંડેસરા-હાઉસિંગ રોડ, ઉધના 4. રાધા રેસ્ટોરન્ટ/અલથાણ ખાડી, મેઇન

...અનુસંધાન પાના 9 પર

# ક્રેડિટ કાર્ડના બિલ ભરવાના બહાને ૧.૯૭ લાખની ઠગાઈ કરનાર ઝડપાયો

સુરતઃ ક્રેડિટ કાર્ડના બિલના નામે ૧,૯૭,૦૦૦ની ઠગાઈમાં ફરાર આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે.

ઉત્રાણ પોલીસે કોન્સ્ટેબલ કાનજીભાઈ મોમાભાઈ તથા ઈન્દ્રજીતસિંહ ગંભીરસિંહને મળેલી ચોક્કસ અને ખાનગી બાતમીના આધારે પોલીસે વરાછા મીની બજાર ખાતેથી આરોપી નિલેશ રણછોડભાઈ મકવાણા (ઉ.વ. ૨૪, રહે. રાજ નંદની સોસાયટી, ઉત્રાણ; મૂળ રહે. નેસવડ, તા. મહુવા, જી. ભાવનગર) ને પકડી લીધો હતો. આરોપી નિલેશ મકવાણા ફરિયાદીની ઓફિસે ગયો હતો અને ક્રેડિટ કાર્ડના બિલ કોઈપણ વધારાના પેનલ્ટી કે ચાર્જ વગર ભરી આપવાની વાત કરી તેમનો મોબાઈલ પાસે રાખી, તેમની જાણ બહાર બેંક

...અનુસંધાન પાના 9 પર

## ડૉ. હર્ષ પંડ્યા આપઘાત કેસમાં ૧૨ ડૉક્ટર-વિદ્યાર્થીનાં નિવેદન લેવાયાં

# ચાર સિનિયર સામે ત્રાસના આક્ષેપોની પુષ્ટિ

**બે** તબીબ નિવેદન આપ્યા બાદ ગાયબ, જ્યારે બે નિવેદન માટે પણ આવ્યા નહીં, તમામ તબીબોની શોધખોળ તેજ

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલના માઈક્રોબાયોલોજી વિભાગમાં રેસિડેન્ટ તરીકે ફરજ બજાવતા ડૉ.હર્ષ પંડ્યાના આપઘાત કેસની તપાસમાં પોલીસને મહત્ત્વની વિગતો મળી રહી છે. ૯ ઓગસ્ટના રોજ હોસ્પિટલના હોસ્ટેલ રૂમમાં ડૉ. હર્ષે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. ઘટનાને પગલે તપાસ કરતાં એસીપી ઝેડ.આર. દેસાઈ તપાસ શરૂ કરી પરિવારજનો તેમજ હોસ્પિટલ સાથે સંકળાયેલા તબીબો અને વિદ્યાર્થીઓના નિવેદનો લેવાની કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતકના પિતા ડૉ. સુભાષચંદ્ર પંડ્યાની ફરિયાદના આધારે ખટોદરા પોલીસે ચાર સિનિયર રેસિડેન્ટ તબીબ ડૉ. નીરાલી વસાવે, ડૉ. અનુજ મહેશ્વરી, ડૉ. દિશિતા ગેવરીયા અને ડૉ. હીના ભૂત વિરુદ્ધ આત્મહત્યા માટે દુષ્પ્રેરણા તથા એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે હર્ષ અનુસૂચિત જાતિનો હોવાની જાણ થયા બાદ ચારેય તબીબો દ્વારા તેને કથિત રીતે માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. જાહેરમાં અપમાનિત કરવા, જાતિગત ટિપ્પણી કરવા ઉપરાંત અતિશય કામ સોંપી રેગિંગ અને શોષણ કરવામાં આવતું હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે.

કેસમાં સૌથી મહત્વની બાબત એ છે કે પોલીસે અત્યાર સુધીમાં લગભગ ૧૨ ડૉક્ટર અને વિદ્યાર્થીઓના નિવેદનો નોંધ્યા છે. તપાસ અધિકારી એસીપી ઝેડ.આર. દેસાઈના જણાવ્યા મુજબ, આ પૈકીના કેટલાક નિવેદનોમાં ચારેય તબીબો દ્વારા ડૉ. હર્ષને સતત ત્રાસ આપવામાં આવતો હોવા અને રેગિંગ કરવામાં આવતું હોવાની વિગતો સામે આવી છે. આ નિવેદનોના આધારે પોલીસ હવે ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપોની હકીકત ચકાસી રહી છે. પોલીસ દ્વારા હોસ્પિટલના સંબંધિત લોકોના નિવેદનો ઉપરાંત અન્ય પુરાવાઓ પણ એકત્ર કરવામાં આવી રહ્યા છે. ખટોદરા પોલીસે ચારેય તબીબોને પૂછપરછ માટે નોટિસ પાઠવી હતી. જેમાં ડૉ. અનુજ મહેશ્વરી અને ડૉ. દિશિતા ગેવરીયા પોલીસ સમક્ષ હાજર થઈ પોતાના નિવેદન નોંધવા આવ્યા બાદ ગાયબ થઈ ગયા હતા. જોકે, ડૉ. નીરાલી વસાવે અને ડૉ. હીના ભૂત નોટિસ મળ્યા બાદ પણ પોલીસ સમક્ષ ધરપકડ થવાના ડરે નિવેદન નોંધાવવા આવ્યાં જ નથી. હવે પોલીસે ચારે ડોક્ટર આરોપીની શોધખોળ શરૂ કરી છે. એસીપી ઝેડ.આર. દેસાઈના જણાવ્યા મુજબ, પોલીસની ટીમો આરોપીઓ સુધી પહોંચવા માટે કાર્યવાહી કરી રહી છે અને ટૂંક સમયમાં આરોપીઓ પોલીસના હાથે લાગશે તેવી આશા છે. ૧૨ ડૉક્ટર-વિદ્યાર્થીના નિવેદનોમાં

...અનુસંધાન પાના 9 પર

# રાત્રે ખાવા માટે ભીડ જામે અને ફૂડ વિભાગ પાસે રાત્રિનો સ્ટાફ જ નથી!

**સુરત** મહાનગર પાલિકાનો ફૂડ વિભાગ માત્ર દિવસે જ કામગીરી કરે છે અને રાત્રે પોઢી જાય છે

**ખરેખર** દિવસે ખાણી-પીણીની લારી કે રેસ્ટોરન્ટમાં એટલી ભીડ થતી જ નથી અને ત્યારે ચેકિંગ થાય છે!

સુરતઃ‘સુરતનું જમણ’ આખા વિશ્વમાં પ્રખ્યાત છે. રાત્રિના સમયે શહેરના ખૂણે-ખૂણે ધમધમતી ખાણી-પીણીની લારીઓ, રેસ્ટોરન્ટ્સ અને ફૂડ આઉટલેટ્સ પર હજારો સુરતીઓ પોતાના પરિવાર સાથે સ્વાદની મજ માણવા ઊમટી પડે છે. પરંતુ આ સ્વાદિષ્ટ વાનગીઓની પાછળ આરોગ્ય સાથે કેવા પ્રકારના ચેડાં થઈ રહ્યા છે તે અંગે ચિંતાજનક સત્ય સામે આવ્યું છે. જ્યારે રાત્રે આખા શહેરમાં

...અનુસંધાન પાના 9 પર

### કઈ રીતે નાગરિકોનાં આરોગ્ય સાથે રાત્રિના સમયે ચેડાં થાય છે?

- ◆ તેલ અને વાસી ખોરાકઃ રાત્રિ દરમિયાન વપરાતું દાઝી ગયેલું (પુનઃ વપરાશ થતું) તેલ અને વાસી ચટણી કે પનીર સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી છે.
- ◆ સ્વચ્છતાનો અભાવઃ લારીઓ પર પીવાના પાણી અને વાસણો ધોવાની અનહદ ગંદકી હોવા છતાં રાત્રે કોઈ પૂછનાર નથી.
- ◆ લાઈસન્સ વગરનું વેચાણઃ રાત્રે અનેક અસંકલિત લારીઓ અને સ્ટોલ્સ કોઈ પણ જાતના ફૂડ સેફ્ટી લાઈસન્સ વગર ધમધમે છે.

### રાત્રે પણ ચેકિંગની કાયમી ધોરણે વ્યવસ્થા કરાશે : ડે.કમિ. નિધી સિવાચ

સ્વાદરસિયા સુરતમાં મોડી રાત સુધી ખાણી-પીણીની બજારો ધમધમતી હોય છે. પરંતુ રાત્રે ચેકિંગની કાયમી વ્યવસ્થા નહી હોવાથી સુરતવાસીઓ દુષિત ખોરાક આરોગી રહ્યા હોય, આ મુદ્દે આરોગ્ય વિભાગનો હવાલો સંભાળતા મનપાના ડે.કમિ. નિધી સિવાચને પુછતાં તેમણે જણાવ્યું હતું કે, આ વાત

...અનુસંધાન પાના 9 પર

# સુરત APMCના નવા પ્રમુખનો આજે ભાજપનો મેન્ડેટ જાહેર કરાશે?

**ધારાસભ્ય** સંદીપ દેસાઈ પ્રમુખ પદની રેસમાંથી સ્વેચ્છાએ બહાર નીકળી જતાં નવા પ્રમુખની વરણી થશે

સુરતઃ રાજ્યની સૌથી સમૃદ્ધ બજાર સમિતિઓમાંની એક સુરત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC સુરત)ના નવા પ્રમુખની આવતીકાલે વરણી થશે. ગુજરાત પ્રદેશ ભાજપે 6 વર્ષ અગાઉ શરૂ કરેલી પ્રથા મુજબ આવતીકાલે સુરત એપીએમસી, પુણા કુંભારીયાના બોર્ડ રૂમમાં સવારે 11 વાગ્યે બોર્ડ ઓફ ડિરેક્ટરની બેઠક પૂર્વે પ્રદેશ ભાજપના નિરીક્ષક મેન્ડેટ જાહેર કરશે. સુરત એપીએમસીના નવા પ્રમુખ પદ માટે હર્ષદ પટેલ, બળવંત પટેલ અને અંકુર પટેલના નામો ચર્ચામાં છે.

સુરત APMCના વર્તમાન ચેરમેન, વાઈસ ચેરમેન સંદીપ દેસાઈ અને હર્ષદ પટેલની અઢી વર્ષની પ્રથમ ટર્મ પૂર્ણ થતાં હવે બીજી અઢી વર્ષની ટર્મ માટે નવા પ્રમુખ, ઉપપ્રમુખની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, 20મી ઓગસ્ટે સવારે 11 વાગ્યે સુરત APMC ખાતે પ્રમુખપદની વરણી માટે તમામ સભ્યો ભેગા થશે. પ્રમુખ પદની જાહેરાતના એક વીક પછી ઉપપ્રમુખ પદે બીજા હોદ્દેદારોની વરણી કરવામાં આવશે. વર્તમાન પ્રમુખ તથા ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈ પ્રમુખપદની રેસમાંથી સ્વેચ્છાએ બહાર રહે તેવી ચર્ચાઓ

...અનુસંધાન પાના 9 પર

॥ પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ ॥



સ્વ. યાશી(છોટી) ઉમેશભાઈ પટેલ
સ્વ.તા. ૨૦/૮/૨૦૨૫
ગામ ગવિયર

ઝાકળ જેવું જીવન જીવી પલમાં લીધી તેં વિદાય... તારી યાદમાં સૌની આંખોમાંથી વરસી રહયા છે, અનરાધાર નીર, વિદાયના વજઘાત હજીયે હૃદયને ઝંઝોળે છે, પ્રભુના દરબારમાં તારી જરૂર હશે. એમ મનને મનાવી તારી સ્મૃતિને સમેટી અમે સૌ અંતઃકરણ પુર્વક શ્રધ્ધાંજલિ અર્પીએ છીએ. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે

લિ. મોસાળપક્ષ (ગામ-વેસુ)

અશોકભાઈ સામુભાઈ પટેલ, જેનીશભાઈ અશોકભાઈ પટેલ, અમૃતભાઈ સામુભાઈ પટેલ, હરીશભાઈ સામુભાઈ પટેલ, સ્વ. ઈલેશભાઈ અમૃતભાઈ પટેલ, નિમેષભાઈ હરીશભાઈ પટેલ, ચેતનભાઈ અમૃતભાઈ પટેલ (એડવોકેટ એન્ડ નોટરી), વેદ, હેત્વી, આરવી, જૈદાર્થ, પ્રિયાંશ
અ.સૌ ભગવતીબેન અશોકભાઈ પટેલ, અંકીતાબેન જેનીશભાઈ પટેલ, સ્વ. નીરૂબેન અમૃતભાઈ પટેલ, અ.સૌ. ઉષાબેન હરીશભાઈ પટેલ, નિકુંજ હરીશભાઈ પટેલ, સૈફાલીબેન નિમેષભાઈ પટેલ, અ.સૌ. દિપીકાબેન ચેતનભાઈ પટેલ, ઉર્વિબેન રતિલાલ પટેલ

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

હાર્દિક શ્રધ્ધાંજલિ




સ્વ. વિજયભાઈ જેરામભાઈ પટેલ
જન્મ તા.: ૦૧-૦૯-૧૯૫૪
સ્વ.તા: ૧૭-૦૮-૨૦૨૬

તમારૂં જીવન અમારી વચ્ચે નથી રહ્યું પરંતુ તમારી સ્મૃતિ હર હંમેશા અમારા હૈયે કોતરાયેલી રહેશે. અમોને આજીવન આપની ખોટ અનુભવાશે, જ્યાં સુધી જીવીશું ત્યાં સુધી હર પળે તમને યાદ કરતા રહીશું, પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
સ્વ. જેરામભાઈ કાનજીભાઈ પટેલ, સ્વ. મોહનભાઈ કાનજીભાઈ પટેલ, ગં.સ્વ.જયાગૌરી વિજયભાઈ પટેલ(પત્ની), વિક્રમભાઈ જેરામભાઈ પટેલ(ભાઈ), ઉત્કર્ષભાઈ વિક્રમભાઈ પટેલ(ભત્રીજો), સ્વ. પ્રદિપભાઈ મોહનભાઈ પટેલ, શૈલેષભાઈ મોહનભાઈ પટેલ
સ્વ. પાનીબેન જેરામભાઈ પટેલ, ગં.સ્વ.ગંગાબેન મોહનભાઈપટેલ, કેયુરભાઈ વિજયભાઈ પટેલ(પુત્ર), નયનાબેન વિક્રમભાઈ પટેલ, મીનલબેન ઉત્કર્ષભાઈપટેલ, ગં.સ્વ.અનિતાબેન પ્રદિપભાઈપટેલ, નિતાબેન શૈલેષભાઈપટેલ
વિયા, દિતી, દિત્ય, સાનવી તથા સમસ્ત પરિવાર
સ્થળ : A-13-14, ભાગ્યલક્ષ્મી સોસાયટી-૨, પીપલોદ, સુરત


દુઃખદ અવસાન - પ્રાર્થનાસભા



સ્વ. પ્રબોધ સદાશિવ દવે
સ્વ. તા. ૧૯/૦૮/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી પ્રબોધ સદાશિવ દવે દેવલોક પામ્યા છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સદ્‌ગતની પ્રાર્થનાસભા તા. ૨૦/૦૮/૨૦૨૬ને ગુરુવારે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સાલાસર પેલેસ-૧ કલબ હાઉસ, વાસ્તુગ્રામ પાસે, પ્રાઇમ શોપર્સની ગલીમાં, વેસુ, સુરત ખાતે રાખેલ છે.
લિ.
ગૌરાંગ દવે (પુત્ર) - સ્મિતા દવે (પુત્રવધુ)
ડૉ. સ્નેહલ દીક્ષિત (જમાઈ) - ડૉ. દર્શના દીક્ષિત (પુત્રી)
તથા સમસ્ત દવે અને દીક્ષિત પરિવાર
નિવાસસ્થાન : A2-904, સાલાસર પેલેસ-૧, વાસ્તુગ્રામ પાસે, પ્રાઈમ શોપર્સની ગલીમાં, વેસુ, સુરત.

છ માસિક પૂણ્યતિથિએ “માં” ને શ્રદ્ધાંજલિ



સ્વ. રામીબેન ગોવિંદજી કંથારીયા
સ્વ. તા. ૨૦.૦૨.૨૦૨૬

આપની સ્નેહભરી સ્મૃતિઓ સદાય અમારા હૃદયમાં હંમેશ જીવંત રહેશે. પરમાત્મામાં વિલિન થયેલ આપના આત્માને પ્રભુ “પરમ શાંતિ” અર્પે એજ અમારી નમ્ર પ્રભુ પ્રાર્થના...

લિ.
શ્રી શાંતિલાલ ગોવિંદજી કંથારીયા (LIC) – વૈશાલી એસ. કંથારીયા
શ્રી ડી. જી. કંથારીયા (Rtd. Dy. SP.) (ગુજરાત પોલીસ) – દક્ષા ધીરૂભાઈ કંથારીયા
સ્વ. રમેશચંદ્ર ગોવિંદજી કંથારીયા – ગં.સ્વ. હેમલતા આર. કંથારીયા
ઈન્દુમતિ એમ. કરંજીયા (પુત્રી) સીમાડા – મનીષકુમાર કરંજીયા (Rtd. Dy. SP.) (ગુજરાત પોલીસ)
રક્ષાબેન રાજુભાઈ ચાવડા (પુત્રી) આંબોલી – રાજુભાઈ ચાવડા
હિરલ એસ. પટેલ (ટોરેન્ટ પાવર) – ડૉ. રાધિકા એચ. પટેલ
સિધ્ધરાજ એસ. પટેલ - (LIC) – ખુશ્બુ એસ. પટેલ
ત્રિશલાદેવી સુમિત વર્મા - મુલુંડ - મુંબઈ – ભવ્યાબા, હિનાયાબા, કનિષ્કાબા, ધૈર્યરાજ
“હાશ” વૈશાલી બંગલો, મુ. કાસલાબુજરંગ, તા. ઓલપાડ.